# માઉન્ટ આબુમાં -૧ ડીગ્રીથી નીચે તાપમાન

## સહેલાણીઓ ખુશ-ખુશાલ : સ્થાનિકોના ઘરો, હોટેલો અને સ્કૂલ-કોલેજોના પાણીના નળમાંથી બરફ આવે છે






પાલનપુર, તા. ૨૨

પાલનપુર નજીક આવેલ હિલસ્ટેશન રાજસ્થાનના માઉન્ટ આબુમાં છેલ્લા કેટલાક દિવસથીથી ઠંડીનો પારો ખુબ નીચે ઉતરી જતાં કડકડતી ઠંડીમાં પ્રજા-પશુ-પંખી ગરમાવો મેળવવાના પ્રયાસોમા તલ્લીન બન્યા છે.

માઉન્ટ આબુમાં ઠંડીનો પારો માઈનસ-૧ ડીગ્રી સુધી પહોંચી જતાં સ્થાનિકોના ઘરો, હોટેલો અને સ્કૂલ-કોલેજોના પાણીના નળમાંથી બરફ આવે છે. પંખીઓના પાણીના કુંડામા બરફના થર જામ્યા છે. ફૂલ-છોડ, પાંદડા, વાહનો ઉપર બરફની પ્લેટો થઈ જવા પામી છે.

સ્થાનિક રહીશો સાથે સહેલાણીઓ પણ ઠંડી ની મોસમ ની મજા માણી રહ્યા છે.પ્રવાસીઓ પણ મોસમની મજા માણવા અત્રે ઉમટી રહ્યા છે. પ્રજાજનો ઠંડીથી બચવા અનેક પ્રયાસો કરી ગરમાવો મેળવી રહ્યા છે. હજુ એકાદ સ્પતાહ સુધી ખુશનુમા વાતાવરણ જળવાશે તેમ હવામાન વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે.

## ડીસા રેલવે સ્ટેશન રોડ ઉપર નડતરરૂપ દબાણો દૂર કરાયા

ડીસા, તા. ૨૨

ડીસાના રેલવે સ્ટેશન રોડ ઉપર ઘણા લાંબા સમયથી થઈ રહેલા દબાણોને લઈ મુખ્ય માર્ગ સાંકડો બની ગયો છે. જેના કારણે અવારનવાર ટ્રાફિકજામની ઘટનાઓ બનવા પામે છે. તેમજ અનેક દબાણદારો દ્વારા મસમોટા દબાણ આચરી દેવા મામલે ઉઠેલી રાડ-ફરિયાદના આધારે મંગળવારે ડીસા નગર પાલિકા દ્વારા નડતરરૂપ દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જેમાં પાલિકા દ્વારા ૨૦ જેટલા રોડને નડતર રૂપ દબાણ દૂર કરવામાં આવ્યા હતા. પાલિકાની આ કામગીરીને લઈ અન્ય દબાણદારોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો પરંતુ પાલિકાની આ કામગીરીને રહીશોમાં ભારે આવકાર સાંપડ્યો હતો.

# થરા નેશનલ હાઈવે પર કેમીકલ ભરેલ ટેન્કર પલટતાં આગની જવાળા ભભૂકી

### ગેરેજમાં રીપેરીગ માટે પડેલ ઈકો, અલ્ટો ગાડીઓ, બાઈક, એકટીવા આગની ઝપટમાં આવતાં બળીને નાશ પામ્યા




ડીસા, તા.૨૨

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના થરા નગરપાલીકા વિસ્તારમાં નેશનલ હાઈ વે નં.૨૭ પર રાધનપુરથી પાલનપુર તરફ કેમીકલ ભરીને જઈ રહેલ ટેન્કર નં. જી. જે. ૧૨ બીડબલ્યુ ૫૨૨૦ ગઈકાલે વહેલી સવારે ૮.૨૦ ના સુમારે બહુચર હોસ્પિટલ પાસે અચાનક પલ્ટી ખાતા આગ લાગી ટેન્કરનું કેમીકલ ઢોળાઈને નીચે પડતાં આગ રોડની સાઈડમાં ગેરેજ સુધી પ્રસરી હતી. જેના કારણે ગેરેજમાં રીપેરીગ માટે પડેલ ઈકો, અલ્ટો ગાડીઓ, બાઈક, એકટીવા આગની ઝપટમાં આવતાં બળીને નાશ પામ્યા હતા. થરા, ભાભર, દિયોદર પાલીકા ફાયર ફાયટર ટીમે આગને કાબુમાં લીધી. કોઈ જાનહાની નથી.

ત્યાં એકઠા થયેલ લોકોમાં એવું જાણવા મળે છે કે રોડના ડીવાઈડરના બાજુના ઝાડમાંથી બે આખલા અચાનક રોડ પર આવી જતાં ડ્રાઈવર તેને બચાવવા જતાં ટેન્કરે પલ્ટી ખાધી. થરા પોલીસ ઘટના સ્થળે પહોચી પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. સાંજના સુમારે કાંકરેજ મામલતદાર, ડીસા પ્રાંત અધિકારી ઘટના સ્થળે પહોચી અહેવાલ મેળવી ટેન્કરને યોગ્ય જગ્યાએ ખસેડવા અને રોડ પર ઢોળાયેલ કેમીકલ સફાઈ બાબતે સુચન કરેલ હોવાનું જાણવા મળે છે.

### સાયરા કેસમાં મૃતક યુવતી આરોપીઓના સંપર્કમાં હતી

# આરોપીઓએ યુવતી સાથે ઝઘડો થતા યુવતીનો ફોન તોડી નાખ્યો હતો

મોડાસા, તા. ૨૨

મોડાસાના સાયરા (અમરાપુર) ૧૯ વર્ષીય અનુસૂચિત જાતિ સમાજની યુવતી અપહરણ, સામુહિક દુષ્કર્મ અને હત્યા કેસમાં શુક્રવારે એન.સી.એસ.સી રાજયના ચીફ સેક્રેટરીને નોટિસ ફટકારી હતી. જેમાં એફઆઈઆર નોંધવાથી લઈ, આરોપીઓની ધરપકડ સંદર્ભે રાજય સરકારે માનવ, મહિલા અને એસ.સી અધિકારીઓના તેમજ તપાસ સંદર્ભે પોલીસે શું કાર્યવાહી કરી...? તેનો વિસ્તૃત અહેવાલ ૧૫ દિવસમાં આયોગને સોંપવા ચીફ સેક્રેટરીને તાકીદ કરી હતી. ચીફ સેક્રેટરીને તાકિદ કરાયા બાદ પોલીસ હરકતમાં આવી હતી અને કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી તત્કાલિન મોડાસા ટાઉન પીઆઈ નાગજી રબારીને સસ્પેન્ડ કર્યા હતા ૧૮મી જાન્યુઆરીએ રાજ્યના પોલીસ વડાએ તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપીને સોંપી હતી. તેના બીજા જ દિવસે જૈંએ કામગીરી આરંભી દીધી હતી અને ૧૯ જાન્યુઆરીએ સ્થળ તપાસ કરીને યુવતીની મળેલી લાશ સુધીની ઊંચાઈ માપી હતી અને પીડિતાના પરિવારની મુલાકાત લીધી હતી.



સીઆઈડી ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમારે મોડાસાના સાયરા ગામની યુવતીની હત્યા અને કથિત દુષ્કર્મના મામલે પ્રેસ કોન્ફરન્સ કરી જણાવ્યું હતું કે સમગ્ર કેસમાં ઘટનાસ્થળની મુલાકાત લઈ ફરિયાદીના લોકોને પણ મળ્યા હોવાની સાથે મૃતક યુવતી અને આરોપીઓ એકબીજાના સંપર્કમાં હતા અને સીસીટીવી ફુટેજમાં જોતા લાગી રહ્યું છે કે કારમાંથી નીચે ઉતરતા યુવતીને ઝગડો પણ થયો હતો ફોન પણ તોડી નાખવામાં આવ્યો હતો અને ત્યારબાદ યુવતી ગાયબ થઈ ગઈ હતી તેના પર તપાસ કેન્દ્રિત કરવામાં આવી છે અને મહત્વની કડીઓ પણ પ્રાપ્ત થઈ છે અને આ ઘટના દરમિયાન આરોપીઓના મોબાઈલના સીડીઆર એનાલિસિસ પરથી કેટલાક કોલ ગુજરાત બહાર પણ થયા છે તેની માહિતી મેળવવા તજવીજ હાથધરી છે. પ્રાથમિક પીએમમાં ગાલ અને હાથપર ઉઝરડા નિશાન મળ્યા અને શરીર પર કેટલીક જગ્યાએ નખ વાગવાના નિશાન મળી આવ્યા છે ફરાર આરોપી સતીશ ભરવાડને ઝડપી પાડવા સીઆઈડી ક્રાઈમની ટીમે ચક્રો ગતિમાન કર્યા હોવાનું જણાવ્યું હતુ.

# ખંભીસર પંચાયતના સરપંચ બળદેવ પટેલને સસ્પેન્ડ કરાતા ખળભળાટ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામલીયાએ ખંભીસર ગામના સરપંચ



બળદેવભાઈ ધુળાભાઈ પટેલને બહુચર્ચિત ખંભીસર વરઘોડા પ્રકરણમાં તેમની સામે પણ આઈપીસી એક્ટ,એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હતો અને ચાર્જશીટ પણ દાખલ થતા નૈતિક અધઃપતનના ગુન્હામાં પ્રાથમિક સંડોવણી જણાતા ગુજરાત પંચાયત અધિનિયમ કલમ -૫૯(૧) મુજબ હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચ્યો હતો.

અરવલ્લી જિલ્લા સહિત રાજયમાં ખંભીસરનું વરઘોડા પ્રકરણ ખુબ ચર્ચામાં રહ્યું હતું. તે સમયે મોડાસા તાલુકાના ખંભીસર ગામે દલિત યુવકનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. તે સમયે ગામના જ એક કોમના લોકોએ ગામના જે રસ્તાઓ ઉપરથી વરઘોડો નિકળવાનો હતો તે માર્ગો પર યજ્ઞકુંડ બનાવી અને મહિલાઓ દ્વારા રસ્તાઓ ઉપર ભજન કિર્તનના કાર્યક્રમો કરી વરઘોડો રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા અને આ પ્રકરણમાં પથ્થરમારા સહિતની ઘટનાઓ પણ બની હતી. જેમાં મોડાસા રૂરલ પોલીસ મથકે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો દાખલ થતાં તેઓને જેલ હવાલે પણ કરવામાં આવ્યા હતા. આ પ્રકરણમાં ખંભીસરના સરપંચ પણ સામેલ હોવા અંગેનો ગુનો નોંધાયો હતો.

જેને પગલે તાલુકા વિકાસ અધિકારીએ ખંભીસરના સરપંચ બળદેવ પટેલ પાસેથી સરપંચ પદના હોદ્દા ઉપરથી મોકૂફ કેમ ન કરવા તે અંગે લેખિતમાં ખુલાસો જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ આપવા માટેની નોટીસ પાઠવ્યા બાદ બુધવારે જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામલીયાએ ખંભીસર ગામના સરપંચ બળદેવભાઈ ધુળાભાઈ પટેલને બહુચર્ચિત ખંભીસર વરઘોડા પ્રકરણમાં પંચાયત અધિનિયમ કલમ -૫૯(૧) મુજબ હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચ્યો હતો.

શું હતો સમગ્ર કેસ, બહુચર્ચિત ખંભીસર ગામના દલિત વરઘોડા પ્રકરણમાં ૧૨-૫-૨૦૧૯ના રોજ ખંભીસર ગામના જયેશભાઈનો વરઘોડો ગામમાં ન નિકળે તે માટે આ કામના આરોપીઓએ પોતાના સામાન્ય ઈરાદો પાર પાડવા એક સંપ થઈને તમામ પટેલ ફળિયાના નાકે હવનકુંડ બનાવી ભજન કિર્તન કરી રસ્તાઓ રોકી તેમજ પ્રેમનગર પટેલ ફળિયામાં જતા વરઘોડાને અટકાવી દલિતોની વિનંતીનો અસ્વિકાર કર્યો હતો અને જાહેરમાં જાતિ વિષયક અપમાનિત શબ્દો બોલવામાં આવ્યા હતા. જ્યારે ગાળો બોલીને પથ્થરમારો પણ કરવામાં આવતાં વરઘોડામાં સામેલ દલિતોને ઈજાઓ પણ પહોંચી હતી. બાદમાં સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું અને પોલીસ બંદોબસ્ત વચ્ચે યુવકનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. દલિત યુવકનો વરઘોડો રોકવા અંગે એટ્રોસીટી એક્ટ હેઠળ મોડાસા રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. દલિતનો વરઘોડો ન કાઢવા દેવા દલિતોને હેરાન કરનારાઓ સામે ગુનો નોંધાયો હતો અને અટકાયત પણ કરવામાં આવી હતી. જેમાં ખંભીસરના સરપંચને પણ ૨૧-૮-૨૦૧૯ થી ૩૧-૮-૨૦૧૯ સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા.

આ અંગે તાલુકા વિકાસ અધિકારીએ ખંભીસરના સરપંચ બળદેવભાઈ ધુળાભાઈ પટેલને પોતાના હોદ્દાનો દુરુપયોગ કર્યો હોવાથી ગુજરાત પંચાયત અધિનિયમની કલમ હેઠળ તમોને સરપંચના હોદ્દા પરથી કેમ દુર ન કરવા તે અંગેનો ખુલાસો આપવા માટે નોટીસ આપી હતી. આ બાબતે સરપંચે લેખિત અથવા મૌખિક રજૂઆતો ૧૯ ડિસેમ્બર સુધી જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ કરવા જણાવવામાં આવ્યું હતું. નોટીસમાં વધુમાં જણાવ્યું હતું કે જો સમયમર્યાદામાં ખુલાસો આપવામાં નહીં આવે તો ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળની કલમની જોગવાઈઓને આધિન રહીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

## બિન અનામત સમાજને થતા અન્યાય બદલ આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૨૨

તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા લોકરક્ષકની ભરતીમાં પસંદગી પામેલા બિનઅનામત સમાજના ઉમેદવારોને થઈ રહેલા અન્યાય અંગે બુધવારે અખીલ ભારતીય બિનઅનામત સમાજ દ્વારા બુધવારે સાબરકાંઠાના કલેકટરને આવેદનપત્ર આપી તેમની લાગણી અને માંગણી રાજ્ય સરકાર સુધી પહોંચાડવાની માંગ કરી છે.

બુધવારે સાબરકાંઠાના કલેકટરને અપાયેલા આવેદનપત્રમાં એ.કે. પટેલના જણાવાયા મુજબ ગુજરાત પોલીસદળ વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી અંતર્ગત લોકરક્ષકદળમાં યોગ્યતા ધરાવતા ઉમેદવારોની પસંદગી થયા બાદ તેમને નિમણુંક પત્રો અપાયા નથી. દરમ્યાન ગાંધીનગર જિલ્લાની એક મહીલા ઉમેદવારે તાજેતરમાં બિનઅનામત વર્ગની મહીલાઓને થતા અન્યાય અંગે મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં રજુઆત કરી હતી. જેમાં અનામત કક્ષાની મહીલાઓને ભરતી અન્વયે વાંધો ઉઠાવેલ છે.

## ચિતરીયામાં પત્ની ભગાડી જવા બાબતે ઝઘડો થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૨

વિજયનગર તાલુકાના ચિતરીયા ગામે છ દિવસ અગાઉ એક ઈસમની પત્ની અન્ય શખ્સ ભગાડી ગયાની આશંકા રાખીને ઝઘડો થયો હતો. જે અંગેની ફરીયાદ મંગળવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. તા. ૧૭ જાન્યુઆરીના રોજ અમીતસિંઘ સુરસિંહ નિનામાની પત્ની અગમ્ય કારણોસર ઘરેથી જતી રહી હતી. જે અંગે વહેમ રાખીને અમીતસિંઘ નિનામાએ રમીલાબેન પર આક્ષેપ મુકીને કહ્યું હતું કે તમે મારી પત્નીને ભગાડી જવામાં મદદ કરી હોવાનો શક છે તેમ કહી અમીતસિંઘ નિનામાએ ગાળો બોલી રમીલાબેન પર તેમજ તેમની પાસે ઉભેલા દિપ નામના ઈસમ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. તેમજ ઉન્નતીને પણ ગડદાપાટુનો માર મારી ત્રણેય જણાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# તલોદના સુલતાનપુર ખાતે ઓર્ગેનિક ફાર્મીંગ અંગે શિબિર યોજાઈ

તલોદ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સુલતાનપુર ગામના ખેત સીમાડામાં આવેલા એડીપી ફાર્મમાં તાજેતરમાં ઓર્ગેનિક ફાર્મીંગ



(જૈવિક ખેતી) સંદર્ભની તલસ્પર્શી જાણકારી ખેડૂતો અને પ્રજાજનોને પુરી પાડવા પ્રશંસનીય ખેડૂત શિબિર યોજાઈ ગઈ. જેમાં નોંધપાત્ર સંખ્યામાં ખેડૂતો અને ઓર્ગેનિક ફાર્મીંગ ક્ષમતાઓ વિકસાવવા માટે જૈવિક ખેતી કરતા એકમો તથા તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ જૈવિક ખેતી સંદર્ભે મૂલ્યવાન માહિતી પુરી પાડીને તમામ ખેડૂતો જૈવિક ખેતી તરફ વળે તેવી હિમાયત કરી હતી.

ઉલ્લેખનીય છે કે કાતિલ જંતુનાશક દવાના રસાયણો તથા વિલાયતી ખાતર વગેરે બેરોકટોક થતા ઉપયોગને કારણે ખેત ઉત્પાદનોની ગુણવત્તા જનજીવન માટે ઘાતક પુરવાર થઈ રહી છે. આવા ખાદ્યાન્નના ઉપભોકતાઓ દમ, એલર્જી અને કેન્સર સહિતના અસાધ્ય રોગોના ભોગ બની રહ્યા છે. ત્યારે પ્રવર્તમાન ગંભીર સમયગાળામાં રસાયણો અને વિલાયતી ખાતર વિના ઉત્પાદન કરવામાં આવતા ઓર્ગેનિક ખેત ઉત્પાદનોનો વપરાશ વધુ થાય તે સમયની માંગ છે. શાકભાજી, ફળો અને અન્ય ખેત ઉત્પાદનો બહોળા પ્રમાણમાં મેળવવા ઘાતક રસાયણોનો ઉપયોગ થઈ રહ્યો છે જે હાલની અને ભવિષ્યની પેઢી માટે પણ ખતરાની ઘંટડીરૂપ છે. જેથી વૈદ્યો, તબીબો અને તજજ્ઞો પણ લોકોને જૈવિક ખેત ઉત્પાદનોના વપરાશ માટે સલાહ આપી રહ્યા છે.

ત્યારે આવા ઓર્ગેનિક ફાર્મીંગ દ્વારા જૈવિક ખેત ઉત્પાદનો કેવી રીતે પેદા કરવા, તેના ખરીદ-વેચાણ માટેની વ્યવસ્થા સંદર્ભે માહિતી આપીને ખેડૂત આલમમાં પણ જનજાગૃતિ આણવાનો પ્રયાસ તલોદ તાલુકાના સુલતાનપુર પંથકના એડીપી ફાર્મમાં યોજાયેલ શિબિરમાં કરવામાં આવ્યો હતો. ફાર્મના માલીક અને જૈવિક ખેતી તરફ વળેલા યુવા ખેડૂત રોનક પટેલે પણ જૈવિક ખેતી તરફ પ્રયાણ કરવા આહવાન કરીને ઓર્ગેનિક ફાર્મીંગનું સંગઠન બનાવવા પર ભાર મુક્યો હતો.

તજજ્ઞોના મત અનુસાર ઈ.સ. ૧૮૫૦માં પ્રાકૃતિક ખેતીનો આરંભ થયો હતો. બાદ સમયાંતરે અધિક ઉત્પાદનો મેળવવા ૧૯૬૫થી 'હરિત ક્રાંતિ'નો આરંભ થયો હતો ત્યારથી અધિક માત્રામાં રાસાયણિક ખાતરો તથા જંતુનાશક ઝેરી દવાઓનો અનહદ ઉપયોગ થતાં જમીન, ખેતી અને ઉત્પાદનોને માઠા પરિણામો સહન કરવા પડ્યા છે. જેની જોખમી અસરો જન જીવન પર પડી રહી છે. જેનાથી પર્યાવરણને પણ અસહ્ય હાનિ પહોંચે છે.

# પ્રાંતિજના વાઘપુર પ્રાથમિક શાળામાં વ્યાખ્યાન માળા કાર્યક્રમ મણકો-૧ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર પ્રાથમિક શાળામાં વ્યાખ્યાન માળા કાર્યક્રમ મણકો-૧નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વકતા જીગ્નેશભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત રહીને સોવકોઈના દિલ જીતી લીધા હતાં.

વાઘપુર પ્રાથમિક શાળા દ્વારા બાળકો ને ભણતર ની સાથે કંઈક નવું જ અને જીવન ઉપયોગી શાળા ના વિધાર્થીઓને મળે તે હેતુથી વધુ વાઘપુર પ્રાથમિક શાળા દ્વારા દર મહિને વ્યાખ્યાન માળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મણકો-૧ કાર્યક્રમ ને લઈને ચિંતનાત્મક સિંચન ની બાળકળા વિષે વકતા જીગ્નેશભાઈ પી.પટેલ દ્વારા પોતાનું વકતવ્ય આપ્યું હતું જેમાં માજી તાલુકા સદસ્ય જીવન સિંહ ચૌહાણ, માજી સરપંચ દોલતસિંહ, સીઆરસી દિનુ સિંહ રાઠોડ, જીસ્ઝ સભ્યો ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો શાળા ના આચાર્ય વિરાટ સિંહ ઝાલા તથા અરવિંદસિંહ રાઠોડ સહિત સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું તો સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન ડિમ્પલ બેન ગજ્જર દ્વારા કરવામાં આવ્યું હતું.

# હિંમતનગરમાં એવોર્ડી ટીચર્સ ફેડરેશનનું અધિવેશન યોજાયું

હિંમતનગરના કાંકણોલ સ્થિત સ્વામીનારાયણ મંદિરમાં બુધવારે રાજ્ય (રાષ્ટ્રીય) એવોર્ડી ટીચર્સ ફેડરેશન દ્વારા શૈક્ષણિક અધિવેશન સહિત ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિવિધ કાર્યક્રમમાં એવોર્ડી શિક્ષકોને અપાયેલા સ્માર્ટકાર્ડ અંગે વિશેષ સમજ આપવામાં આવી હતી. સ્વામીનારાયણ મંદિર ખાતે યોજાયેલ આ અધિવેશનમાં રાજ્યના વિવિધ સ્થળેથી અંદાજે ૪૦૦ થી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે એવોર્ડી ટીચર્સ ફેડરેશનના અગ્રણી પ્રકાશ વૈદ્ય, ગૌતમ ભટ્ટ અને ડૉ. માનસિંગભાઈ ચૌધરી સહીત અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ શૈક્ષણિક અધિવેશનમાં ગુજરાત સરકાર દ્વારા અપાયેલા સ્માર્ટકાર્ડના લાભો અંગે જાણકારી આપવામાં આવી હતી. પારીતોષિક શિક્ષકોને એસ.ટી. નિગમની બસોમાં અર્યાદિત મુસાફરી કરવાની છુટ છે.